# રાજભવન પાસે કોંગ્રેસના દેખાવો

## લોકશાહી, બંધારણ બચાવોના નારા સાથે પ્રદર્શન : મંજૂરી વગર દેખાવો કરતા પોલીસે પરેશ ધાનાણી અને અમિત ચાવડા સહિતના કોંગી નેતાઓની અટકાયત






ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરમાં રાજભવન ખાતે કોંગ્રેસે લોકશાહી બચાવો, બંધારણ બચાવોના નારા સાથે ભાજપ સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. જોકે મંજૂરી વગર દેખાવો કરતા પોલીસે પરેશ ધાનાણી અને અમિત ચાવડા સહિતના કોંગી નેતાઓની અટકાયત પણ કરી છે. ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાય દિવસોથી રાજસ્થાનમાં રાજકીય ઘટનાક્રમમાં નવા વળાંક આવી રહ્યા છે. ત્યારે કોગ્રેસ દ્વારા દેશભરમાં વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે ગાંધીનગર રાજભવન ખાતે પણ કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં કોંગી કાર્યકરો અને નેતાઓ એકઠા થઈને સૂત્રોચ્ચાર કર્યા હતા. વિરોધ પ્રદર્શન દરમિયાન કોંગી નેતાઓ અને કાર્યકરોએ લોકશાહી બચાવો, બંધારણ બચાવો, લોકતાંત્રિક સરકારોની હત્યા બંધ કરો બંધ કરો, કોરોનાની કરો ચિંતા બંધ કરો લોકશાહીની હત્યા', 'ધારાસભ્યોની સોદાબાજી બંધ કરો બંધ કરો, સહિતના બેનર સાથે લોકશાહી બંધ કરો બંધ કરોના સુત્રોચ્ચાર કરીને વિરોધ નોંધાવ્યો હતો. કોગ્રેસનો આરોપ છે કે, રાજસ્થાનમાં ભાજપ દ્વારા ચૂંટાયેલી સરકારને ઉથલવાના પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે. વિપક્ષ નેતા પરેશ ધાનાણીએ જણાવ્યું કે, દેશને લોકશાહી મૂલ્યો પર ભાજપ તરફથી એક અભૂતપૂર્વ હુમલાનો સામનો કરવો પડી રહ્યો છે. એક પછી એક રાજ્યોમાં ભાજપ નાણાં, ધાકધમકી અને બંધારણીય માળખાનો દુરૂપયોગ કરી લોકશાહી પદ્ધતિથી ચૂંટાયેલી સરકારોને ઉથલાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. આખો દેશ કોરોનાની મહામારીનો સામનો કરી રહ્યો છે. જ્યારે ભાજપ લોકશાહી રીતે રાજસ્થાનમાં ચૂંટાયેલી સરકારોને ઉથલાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. પોલીસ દ્વારા કોંગી નેતાઓની અટકાયત કર્યા બાદ સેક્ટર ૨૭ ખાતે લઈ જવામાં આવ્યા છે. અમિત ચાવડાએ મીડિયાને જણાવ્યું કે, દેશના અલગ અલગ રાજ્યોમાં લોકશાહીનું હનન થઈ રહ્યું છે. મણિપુર અને ગોવા બાદ ભાજપે પરંપરાને આગળ લઈ જઈને રાજસ્થાનમાં ચૂંટાયેલી સરકારને તોડવાનો પ્રયાસ કરી રહી છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



ના...ના... આ પી.એમ.એ આપેલી વીસ લાખ કરોડમાંની નોટ આ શાકવાળા પાસે નથી પહોંચી આ તો નોટ હળદળ, ટમેટાવાળા હાથથી આપી છે માટે...

# ગાંધીનગરમાં શહેર-ગ્રામ્યમાંથી પોલીસે ૧૬ જુગારીઓ ઝડપી પાડ્યા

## પોલીસે જુગારીઓ પાસેથી ૩ મોબાઈલ અને ૩૬,૪૩૦ જપ્ત કર્યા

ગાંધીનગર, તા.૨૭

શ્રાવણ માસના પ્રારંભથી જ ગાંધીનગરમાં જુગારીઓ સક્રિય થઈ ગયા છે. શહેરમાં જુગારીઓની મૌસમ પુરબહારમાં ખીલી હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે ગાંધીનગર પોલીસ તંત્ર દ્વારા વિવિધ ચાર સ્થળે રેઈડ પાડી ૧૬ જુગારીઓને ૩૬,૪૩૦ રોકડ સાથે પકડી પાડ્યા હતા. પોલીસે તમામ જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

સેકટર-૨૧ પોલીસે સેકટર-૩૦ મુકિતધામ પાસે ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ત્રણ વ્યકિતઓને પકડી પાડ્યા હતા. જેમાં નયનભાઈ મહેન્દ્રભાઈ ત્રિવેદી, ભરત ઈશ્વરજી ઠાકોર તેમજ પીપળજ ગામના અમરતજી પ્રતાપજી ઠાકોરનો સમાવેશ થાય છે. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ. ૧૧,૨૦૦ રોકડ જપ્ત કરી



આગળની તપાસ હાથ ધરી છે.

સેકટર-૭ પોલીસે સેકટર-૩ ડી સાંઈબાબા મંદિર પાસે કાચા છાપરા નજીક રેઈડ પાડીને જુગાર રમતા જુગારીઓને રંગેહાથ પકડી પાડ્યા હતા. જેમાં અબ્બાસ વજીર પીંઝારી, જાદવભાઈ હીરાભાઈ પગી, નારણભાઈ બેચરભાઈ પુરબીયા, કાળુભાઈ નાનુભાઈ પારઘી, અયુબભાઈ ભાઈમીયા પીંઝારીનો સમાવેશ થાય છે.

પેથાપુર પોલીસ પેટ્રોલીંગ દરમિયાન સરઢવ ગામની સીમમાં જુગાર રમતા જુગારીઓને પકડી પાડ્યા હતા. જેમાં જયેશ જુગારીઓ પાસેથી પોલીસે રૂ.૧૦,૭૭૦ રોકડા જપ્ત કરી આગળની તપાસ હાથ ધરી છે.

બળદેવભાઈ પટેલ, લાલાભાઈ કાનજીભાઈ બજાણીયા, મહેશજી બાબુજી ઠાકોર,તેમજ રૂપાલના નરસિંહ ઉર્ફે નરેશ હરચનજી ઠાકોરનો સમાવેશ થાય છે. જુગારીઓ પાસેથી પોલીસે રૂ.૧૦,૫૬૦ રોકડા અને ૧૫૦૦ ની કિંમતના ૩ મોબાઈલ જપ્ત કરીને જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

જયારે અડાલજ પોલીસ અંબાપુર ગામે મોટા ઠાકોરવાસ ખાતે રેઈડ કરીને ચાર જુગારીને પકડી પાડ્યા હતા. પકડાયેલા જુગારીઓમાં અંબાપુર ગામના કમલેશ લક્ષ્મણજી ઠાકોર, ભીખાજી ચમનજી ઠાકોર, વિનુજી અભુજી ઠાકોર, નવઘણજી મગનજી ઠાકોરનો સમાવેશ થાય છે. જેઓ પાસેથી પોલીસે રૂ.૨૪૦૦ રોકડા જપ્ત કરી જુગાર ધારા હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- આજે જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યના અધ્યક્ષસ્થાને સીટની મહત્વની બેઠક મળી હતી.
- જિલ્લા કલેકટરના અધ્યક્ષપદે ડી.એલ.એફ.સી.ની પણ એક મહત્વની બેઠક ઉદ્યોગ કેન્દ્રના અધિકારીઓની હાજરીમાં મળી હતી.
- ગાંધીનગર અને સોમવાર એટલે પ્રજાનો દિવસ આજે જિલ્લાની કચેરીઓમાં મુલાકાતીઓ પણ સારી એવી સંખ્યામાં આવ્યા હતા.
- ગાંધીનગર શહેરમાં કોવિડ-૧૯ ના સંક્રમણને લઈ મનપા દ્વારા ૧૧૨૮ ઘરોમાં છેલ્લા એક માસમાં સેનીટાઈઝેશન કરવામાં આવ્યું છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતની બાંધકામ શાખાના નાયબ કાર્યપાલક ઈજનેર એન.આર. પટેલની બદલી થઈ છે. તેઓ ગુરૂવારે તેમની નવી જગ્યાનો ચાર્જ સંભાળશે તેમ જાણવા મળેલ છે.
- ગાંધીનગર મહાનગર પાલિકાને કોવિડ-૧૯ ના સંક્રમણને નિયંત્રિત કરવા માટે રાજ્યના મુખ્યમંત્રી રૂપાણીએ રૂ. ૫ કરોડ ફાળવ્યા છે.

# ચિલોડા સ્થાનિક આરોગ્યકર્મી દ્વારા સર્વેલન્સની સઘન કામગીરી

ચિલોડા, તા. ૨૭

કોવિડ-૧૯ મહામારીમાં કેસોના વાયરસ અટકાવવા અને પાણીજન્ય તેમજ અન્ય બી.પી., સગર્ભા બહેનોની નોંધણી અને તપાસ સમગ્ર માહિતી અને વિગતો, તાવ, શરદી, ઉધરસ વગેરેની ચકાસણી, પાણીજન્ય અને



વાહકજન્ય રોગચાળો નિયંત્રિત કરવા જનજાગૃતિ અભિયાન અંતર્ગત ચિલોડા સ્થાનિક આરોગ્યતંત્રના કર્મીઓ દ્વારા ચિલોડામાં જુદાજુદા વિસ્તારોમાં કોરોના અંગેની સઘન સર્વેક્ષણ અને એલર્ટ કામગીરી સંદર્ભે કુલ ઘર, કુલ વસ્તી, ૦૫ થી ૫ વર્ષના બાળકો, સિનિયર સીટીજન-૬૦ વર્ષથી વધુ વય ધરાવતા દર્દીઓના રોગના લક્ષણો ડાયાબિટીસ, વાહકજન્ય રોગ ન ફેલાય તે માટે વિસ્તારોમાં ઘરે ઘરે પાણી ભરવાના સાધનો, હોજ વગેરેની તપાસણી કરી યોગ્ય માર્ગદર્શન આપવાની કામગીરી ચિલોડા સ્થિત સ્થાનિક આરોગ્યકર્મી જયશ્રીબેન સોલંકી, હિતેશ પટેલ, માનસી પટેલ, મીનાબેન વાળંદ, કાજલબેન ઠાકોર, ભીખીબેન ઠાકોર તથા સુનિતાબેન વાળંદ દ્વારા સઘન સર્વેલન્સની સુંદર કામગીરી કરી રહ્યા છે.

# ફેસબુક ઉપર અનોખી પુસ્તક પરિચય સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૭

ઈન્ટરનેટ કઈ રીતે અત્યંત રચનાત્મક, સકારાત્મક તેમજ ઉપયોગી બની શકે છે તેનું પ્રમાણ આપતી હાલમાં જ એક સુંદર ઘટના બની હતી.

વાંચન પ્રત્યે અભિરૂચી જાગે,લેખન કળા ખીલે તથા 'વાંચે ગુજરાત'ના અભિયાનને સાર્થક કરવા માટે ફેસબુક ઉપર 'આપણું પુસ્તકાલય' નામનાં ગ્રુપમાં ગત ૧૦ જુલાઈ થી લઈને ૨૪ જુલાઈ સુધી એક અનોખી 'પુસ્તક પરિચય સ્પર્ધા' યોજાઈ ગઈ. આ સ્પર્ધાને વાચક વર્ગ દ્વારા ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો અને ૧૫ દિવસમાં ૪૪ જેટલા સભ્યોએ ભાગ લઈ ૧૧૩ જેટલી અલગ અલગ વિષયની પુસ્તકોનો પરિચય કરાવ્યો હતો.

આ અનોખી સ્પર્ધામાં પ્રથમ નંબરે એક, દ્વિતિય નંબરે બે તેમજ તૃતિય નંબરે ત્રણ સ્પર્ધકો એમ કરીને કુલ ૬ સ્પર્ધકોને ૧ થી ૩ નંબરના વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા અને તેઓને પ્રખ્યાત સર્જક એવા ધ્રુવ ભટ્ટની અદ્વિતિય કૃતિ 'તત્ત્વમસિ' પુસ્તક પુરસ્કાર રૂપે કુરિયર દ્વારા મોકલવામાં આવી હતી.

ફેસબુકમાં ખૂબ સારો પ્રતિસાદ મેળવેલી આ સ્પર્ધામાં અમદાવાદનું ઓનલાઈન પુસ્તક વિક્રેતા 'શ્રી બુક સ્ટોલ' પણ જોડાયુ હતુ અને એક પુસ્તક તેમના તરફથી પુરસ્કાર રૂપે આપી હતી,બીજી પાંચ પુસ્તકો ગ્રુપનાં એડમીનો જયરાજસિંહ ઝાલા, આહીર પ્રવિણભાઈ સોનારા અને ચેતનસિંહ ઝાલા તરફથી આપવામાં આવી હતી. સ્પર્ધાનાં નિર્ણાયક તરીકે એડમીન ટીમે નિષ્પક્ષ પરિણામ જાહેર કર્યુહતુ અને તેને ગ્રુપનાં બધા જ સ્પર્ધકો તથા સભ્યોએ વધાવી લીધુ હતુ.



## સેકટર-૨૬માંથી જુગાર રમતા જુગારીઓ ઝડપાયા

ગાંધીનગર એલસીબી-૨ એ સેકટર-૨૬ ગ્રીનસીટી ખાતેથી જુગાર રમતા જુગારીઓને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. એલસીબીના કોન્સ્ટેબલ રાકેશસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી. જેને પગલે પોલીસે સેકટર-૨૬ ગ્રીનસીટી ૨ એ. એફ-એફ-૭ નંબરના મકાન ખાતે રેઈડ પાડીને જુગાર રમતા પોલીસે રાકેશ ગરૂસીંગ ભાભોર (ઉં.૪૦), સેકટર-૨૬ ગ્રીનસીટી ખાતે રહેતા ઘનશ્યામ રાજારામ જયસ્વાલ(ઉં.૩૫), રાજેન્દ્ર ભાવરાવ શેવાલ (ઉં.૩૫), કોમલભાઈ રાજારામ જયસ્વાલ (ઉં.૪૦),સેકટર-૨૭ ખાતે રહેતા કિશન માધુભાઈ વાળોદરા (ઉં.૨૮), સે-૨૬ જીઆઈડીસી કોલોની ખાતે રહેતો કિંજલ વિઠ્ઠલભાઈ મકવાણા (ઉં.૩૩) તેમજ કોલવડા ગામનો વનરાજસિંહ કરણજી વાઘેલા (ઉં.૩૨), સેકટર-૨૫ જીઆઈડીસી ખાતે રહેતો અશ્વિન ધનજી પરમાર (ઉં.૧૯)ને પકડી પાડ્યા હતા.પોલીસે દાવ પરથી રોકડા રૂ.૧૯,૫૫૦, ૫ મોબાઈલ ફોન, ૨ મોપેડ અને એક બાઈક મળી કુલ રૂ.૯૭ હજારનો મુદ્દામાલ કબ્જે કરી તમામ જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



શ્રાવણ મહિનાનો સોમવાર એટલે ભાવકોનું ઘોડાપુર મંદિરો, શિવાલયોમાં ઉમટી પડે છે. જોકે હાલમાં કોરોનાના ડરથી લોકો ઘરની બહાર ઓછા નીકળે છે અને ઘરે રહીને જ પુજા અર્ચના કરે છે. જોકે સોમવારના કારણે સેકટરોના મંદિરોમાં સવારના સમયે થોડીક અવરજવર જોવા મળી હતી. મંદિરોની બહાર બીલીપત્રો અને પૂજાપાની સામગ્રીનું વેચાણ પણ સારું એવું થયું હતું.


## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી

Children's University — सत्यम् ऋतम् बृहत्

(ગુજરાત રાજ્ય સરકાર દ્વારા સ્થાપિત)
સુભાષ ચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, છ-૫ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી સર્કલ, સેક્ટર-૨૦, ગાંધીનગર-૩૮૨૦૨૧
ફોન : ૦૭૯-૨૩૨૪૪૫૭૬, ૪૪૫૬૯ ● વેબસાઈટ : www.cugujarat.ac.in

જાહેરાત : ૦૧/૨૦૨૦

### કરાર આધારિત ભરતી માટે વૉક-ઈન-ઈન્ટરવ્યુ

નીચે જણાવેલ જગ્યા માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે તદ્દન હંગામી ધોરણે કરાર આધારિત આસિસ્ટન્ટ પ્રોફેસર અને કાઉન્સેલર માસિક ફિક્સ પગારથી ભરવાના છે. લાયકાત ધરાવતા ઉમેદવારોએ વૉક-ઈન-ઈન્ટરવ્યુ માટે નીચે જણાવ્યે દિવસ અને સમયે યુનિવર્સિટી ખાતે સ્વખર્ચે ઉપસ્થિત રહેવું.

| ક્રમ | જગ્યાનું નામ | વિષય | અગ્રિમતા | સંખ્યા | ઈન્ટરવ્યુ તારીખ | ઈન્ટરવ્યુ સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | આસિસ્ટન્ટ પ્રોફેસર | મનોવિજ્ઞાન | બાળ મનોવિજ્ઞાન/ સલાહ મનોવિજ્ઞાન | ૦૨ | ૫/૮/૨૦૨૦ બુધવાર | સવારે ૯ વાગ્યે |
| ૨ | આસિસ્ટન્ટ પ્રોફેસર | મેનેજમેન્ટ | મેનેજમેન્ટ | ૦૧ | ૫/૮/૨૦૨૦ બુધવાર | બપોરે ૨ વાગ્યે |
| ૩ | આસિસ્ટન્ટ પ્રોફેસર | યોગ | યોગ | ૦૧ | ૬/૮/૨૦૨૦ ગુરૂવાર | સવારે ૯ વાગ્યે |
| ૪ | આસિસ્ટન્ટ પ્રોફેસર | હોમસાયન્સ | ખોરાક અને પોષણ/ બાળ વિકાસ | ૦૩ | ૬/૮/૨૦૨૦ ગુરૂવાર | સવારે ૧૧ વાગ્યે |
| ૫ | આસિસ્ટન્ટ પ્રોફેસર | ગણિતશાસ્ત્ર | વૈદિક ગણિત | ૦૧ | ૭/૮/૨૦૨૦ શુક્રવાર | સવારે ૯ વાગ્યે |
| ૬ | આસિસ્ટન્ટ પ્રોફેસર | ગુજરાતી | બાળ સાહિત્ય | ૦૧ | ૭/૮/૨૦૨૦ શુક્રવાર | સવારે ૧૧ વાગ્યે |
| ૭ | આસિસ્ટન્ટ પ્રોફેસર | અંગ્રેજી | અનુવાદ અધ્યયન | ૦૧ | ૮/૮/૨૦૨૦ શનિવાર | સવારે ૯ વાગ્યે |
| ૮ | આસિસ્ટન્ટ પ્રોફેસર | એજ્યુકેશન | શૈક્ષણિક મૂલ્યાંકન/શૈક્ષણિક સંચાલન/ કમ્પ્યુટર શિક્ષણ | ૦૧ | ૮/૮/૨૦૨૦ શનિવાર | સવારે ૧૧ વાગ્યે |
| ૯ | કાઉન્સેલર (બાળમિત્ર) | મનોવિજ્ઞાન | બાળ મનોવિજ્ઞાન/ સલાહ મનોવિજ્ઞાન | ૦૧ | ૯/૮/૨૦૨૦ રવિવાર | સવારે ૯ વાગ્યે |

ઉપરોક્ત જગ્યા માટે અરજીપત્રક, શૈક્ષણિક લાયકાત, પગાર અને અન્ય વિગતો ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની વેબસાઈટ : http//recruitment.cugujarat.ac.in/ પર જોઈ શકાશે.

**નોંધ : Covid-19**ની સ્થિતિને ધ્યાને લઈને જો કોઈ ઉમેદવાર કન્ટેઈનમેન્ટ ઝોનમાં હોય તો તેઓ ઓનલાઈન ઈન્ટરવ્યુ આપી શકશે. પરંતુ તેઓએ પોતાના કન્ટેઈનમેન્ટ ઝોનના આધારો સહિત ઈ-મેઈલ rcu.gujarat.gmail.com પર તા. ૩/૮૨૦૨૦ સુધીમાં જાણ કરવાની રહેશે.

**તારીખ : ૨૭/૭/૨૦૨૦**

**ડો. અશોક એન. પ્રજાપતિ**
**કુલસચિવ (ઈ.ચા.)**
**ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર**

**માહિતી/૫૫૧/૨૦-૨૧**